GJSK190002502022

આંક–

**:: નમુના–અ ::**

| જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.પોશીના, જીલ્લા–સાબરકાંઠા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૩૫/૨૦૨૨ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ધી આર્મ એક્ટ, ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી) એ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પોશીના પોલીસ સ્ટેશન – સેકન્ડ ગુ. રજી. નં.૧૦૯/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | પોશીના પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી / ફરીયાદીનું નામ :–<br>ધર્માભાઈ દિતાભાઈ<br>રહે. નોકરી–પોશીના પોલીસ સ્ટેશન |
| રજુઆત | ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી :– એસ.ડી.પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનું નામ :–<br>સુરેશભાઈ અરજણભાઈ બુબડીયા<br>રહે.કુકાવાસ (બીલીનાડે ફળો), તા.કોટડા છાવણી, જી.ઉદેપુર (રાજસ્થાન) |
| રજુઆત | વિ.વ.શ્રી આર.એ. પરમાર |

**:: નમુના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૧૧/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૧૧/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૦૯/૦૨/૨૦૨૨ |
| તહોમતનામા/પ્લીની તારીખ | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮ /૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮ /૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| નં. | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન મુક્ત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેશભાઈ અરજણભાઈ બુબડીયા | ૨૦/૧૧/૨૦૧૯ | ૨૦/૧૧/૨૦૧૯ | ધી આર્મ એકટ, ૧૯૫૯ ની કલમ–૨૫ (૧–બી) એ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |

**:: નમુનો – ક ::**

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | ધર્માભાઈ દિતાભાઈ | ફરીયાદી |
| ફ.સ.૨ | કાસમભાઈ બાબુભાઈ મેમણ | પંચ સાહેદ |
| ફ.સ.૩ | લાલાભાઈ હોમીરાભાઈ પરમાર | પંચ સાહેદ |
| ફ.સ.૪ | અમીતકુમાર સાવનભાઈ | સાહેદ |
| ફ.સ.૫ | માણેકભાઈ વિઠ્ઠલભાઈ | સાહેદ |
| ફ.સ.૬ | આર.જે. ચૌહાણ | ત.ક.અમલદાર |

**બ. બચાવ પક્ષના સાક્ષી**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | – | – |

**ક. ન્યાયાલયના સાક્ષી**

| અ.નં . | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી યાદી**

**અ. ફરિયાદ પક્ષના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–P1/PW1 | ફરીયાદ |
| ૨. | આંક–P1/PW2 | મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામું |
| ૩. | આંક–P1/PW6 | સુચિપત્ર |
| ૪. | આંક–P2/PW6 | કલેકટરશ્રી દ્વારા ચાર્જશીટ દાખલ કરવા મંજુરી આપતો પત્ર |
| ૫. | આંક–P3/PW6 | એફ.એસ.એલ. પરીક્ષણ રીપોર્ટ |

**બ. બચાવ પક્ષના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક : બ–૧/બ.સ.૧ | – |

**ક. ન્યાયાલયના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧ /ન્યા.સ.૧ | – |

**ડ. ભૌતિક પદાર્થ**

| અ.નં. | ભૌતિક પદાર્થ સૂંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | – |

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૧/૨૦૧૯ ના કલાક ૨૨–૧૫ વાગે મોજે કાલીકાંકર (ખાદરા ફળો) મુકામે પોતાના કબજામાં વગર લાયસન્સે ગેરકાયદેસર રીતે દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ બંદુક (અગ્નિશસ્ત્ર) કિંમત રૂા.૨,૦૦૦/– ની રાખી મળી આવી પકડાઈ જઈ મે. જીલ્લા મેજી. સા.ના

જાહેરનામાનો ભંગ કરી ધી આર્મ્સ એકટ, ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી) એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં, આરોપી વિરુધ્ધ ફરીયાદીએ સેકન્ડ ગુ.ર.નં.૧૦૯/૨૦૧૯ થી ફરીયાદ નોંધાવેલ છે તેમજ તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) સદર કામે કેસ રેકર્ડ તથા રોજકામ વંચાણે લેતાં, આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ થયા બાદ આજદિન સુધી હાજર રહેલ નથી. આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા ના હોય આરોપી વિરુધ્ધ સમન્સ / વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ. જેની આજદિન સુધી બજવણી કરવામાં આવેલ નથી. સદર કેસ ઘણો જુનો હોય આરોપી મળી આવતા ના હોય આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચાલી શકતી ન હોય અને સદર આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા જણાતી ન હોય, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૯૯ અન્વયે હાલના ગુનાના કામે આરોપીની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૪ ફરીયાદી ધર્માભાઈ દિતાભાઈની જુબાની

(૨) આંક–૫ પંચ સાહેદ કાસમભાઈ બાબુભાઈ મેમણની જુબાની

(૩) આંક–૬ પંચ સાહેદ લાલાભાઈ હોમીરાભાઈ પરમારની જુબાની

(૪) આંક–૭ સાહેદ અમીતકુમાર સાવનભાઈની જુબાની

(૫) આંક–૮ સાહેદ માણેકભાઈ વિઠ્ઠલભાઈની જુબાની

(૬) આંક–૯ ત.ક.અમલદાર આર.જે. ચૌહાણની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–P1/PW1 ફરીયાદ

(૨) આંક–P1/PW2 મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામું

(૩) આંક–P1/PW6 સુચિપત્ર

(૪) આંક–P2/PW6 કલેકટરશ્રી ધ્વારા ચાર્જશીટ કરવા મંજુરી આપતો પત્ર

(૫) આંક–P3/PW6 એફ.એસ.એલ. પરીક્ષણ રીપોર્ટ

**(૪)** ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી. જે દલીલો પુરાવાની ચર્ચામાં વર્ણવી લેવામા આવેલ છે.

**(૫)** કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૧૧/૨૦૧૯ ના કલાક ૨૨–૧૫ વાગે મોજે કાલીકાંકર (ખાદરા ફળો) મુકામે પોતાના કબજામાં વગર લાયસન્સે ગેરકાયદેસર રીતે દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ બંદુક (અગ્નિશસ્ત્ર) કિંમત રૂા.૨,૦૦૦/– ની રાખી મળી આવી પકડાઈ જઈ મે. જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી ધી આર્મ્સ એકટ, ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી) એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદ્દા નંબર-૧ :-</u>**

**(૮)** સદર કામે સૌપ્રથમ ઉપરોકત કાયદાની જોગવાઈઓ જોઈએ તો શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ જેમાં :-

**કલમ-૩ :- અગ્નિશસ્ત્રો અને દારૂગોળાના સંપાદક અને કબજા માટેનું લાયસન્સ -**

૧. કોઈ વ્યકિત આ અધિનિયમને અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ અનુસાર આ અર્થે કાઢી આપેલાનું લાયસન્સ ધરાવતી ના હોય તો તેનાથી કોઈ અગ્નિ શસ્ત્ર અથવા તો દારુગોળો સંપાદીત કરી શકાશે નહી અથવા પોતાના કબજમાં કે પોતાની સાથે રાખી શકાશે નહી.

પરંતુ કોઈ વ્યકિત પોતે લાયસન્સ ધરાવ્યા વીના લાયસન્સ ધરાવનારની હાજરીમા અથવા તો તેની લેખીત પરવાનગી વગર કોઈ અગ્નિશસ્ત્ર અથવા દારુગોળા મરામત માટે અથવા લાયસન્સ તાજુ કરાવવા માટે અથવા લાયસન્સ ધરાવનારના ઉપયોગ માટે સાથે રાખી શકશે .

**કલમ-૨૫ કેટલાક ગુના માટે શિક્ષા :**

(૧ બી) જે કોઈ વ્યકિત -

(એ) કલમ ૩ નો ઉલ્લંઘન કરીને, કોઈ અગ્નિશસ્ત્ર અથવા દારુગોળો પોતાના કબજામાં રાખે અથવા લઈ જાય અથવા મેળવે તેને બે વર્ષ કરતા ઓછી ના હોય તેટલી પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદત સુધીની કેદની શિક્ષા થઈ શકશે અને તે દંડને પાત્ર પણ થશે.

પરંતુ ન્યાયાલય ફેસલામાં પુરતા અને ખાસ કારણોની નોંધ કરીને બે વર્ષ કરતા ઓછી કેદની સજા કરી શકશે.

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૪ થી ફરીયાદી ધર્માભાઈ દિતાભાઈ બુબડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ અમો તથા પો.સ.ઈ શ્રી આર.જે. ચૌહાણ સાહેબ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે આંજણી ઓ.પી.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અમોને અમારા ખાનગી બાતમીદાર દ્રારા બાતમી હકીકત મળેલ કે કાલીકાકર ખાદરાફળામાં રહેતા લાલાભાઈ ધર્માભાઈ ગમારના ઘરે રાજસ્થાન કુકાવાવ ગામેથી તેમના બનેવી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.કુકાવાસ (બીલીનાડુ ફળો), તા.કોટડા છાવણી જી.ઉદેપુરવાળો વગર લાયસન્સની ગે.કા. હથીયાર કુલ્લીદાર દેશી બનાવટની બંદુક લઈને આવેલ છે અને હાલ તેઓના ઘરે હાજર છે તેવી હકીકત મળતા પો.સ.ઈ તથા સ્ટાફના માણસોને હકીકતથી વાકેફ કરી નજીકમાથી બે પંચના માણસો બોલાવી પંચોને બાતમી કહીકતથી વાકેફ કરી સદરી પંચો સાથે સરકારી વાહનમાં બેસી કાલીકાકર ગામે ખાદરાફળાના રસ્તા ઉપર પગદંડી વાળા રસ્તા ઉપર વાહન ઉભુ રાખી પગદંડી વાળા રસ્તા ઉપર થઈ બાતમી હકીકતવાળા ઘરે જતા સદર ઘર પુર્વ દિસાના કાચુ નળીયાવાળુ હતુ સદરહું મકાનના આગળના ભાગે ચોપાડમાં એક ઈસમ ગોદડુ

પાથરેલ ખાટલામાં બેસેલ હતો તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.પીપાવાસ (બીલીનાડુ ફળુ) તા.કોટડા છાવણી, જી.ઉદેપુરનો હોવાનુ જણાવેલ. જે ઈસમ ખાટલા ઉપર બેસેલ હતો તેને ઉભો કરી ખાટલા ઉપર પાથરેલ ગોદડુ હટાવી જોતા એક દેશી બનાવટની એક નાળી બંદુક મળી આવેલ જે પોતાના કબજામાં રાખવા અંગનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી સદર બંદુક ગેરકાયદેસરની હોઈ જે બંદુક જોતા જે દેશી બનાવટની કુલ્લીદાર એક બેરલ વાળી બંદુક છે જે બંદુકની કુલ લંબાઈ આશરે ૫૫ ઈંચની જેમા બેરલની લંબાઈ ૪૧ ઈંચ અને બટની લંબાઈ આશરે ૧૪ ઈંચની જણાયેલ જે બંદુકની બોડીના ભાગે લોખંડનો ઘોડો અને સ્ટેગર ગાર્ડમા સ્ટેગર ફીટ કરેલ તેમજ બેરલ તથા બોડીનો ભાગ ફીટ કરવા પીતળનો કલેમ્પ ફીટ કરેલ છે તેમજ બેરલ તથા બોડીના ભાગ વચ્ચે દારૂ ભરવા માટેનો સળીયો લગાડેલ છે. બોડી તથા બટના ભાગે નાઈલોનની કાળી સીલીંગ બાધેલ છે. ઉપરોકત બંદુકની કિંમત રૂા.૨,૦૦૦/– ગણી લઈ એક કાપડની થેલીમા મુકી જેનુ મોઢીયુ શીવી તેની ઉપર પંચોની સહી વાળી કાપલી બાંધી તેની ઉપર પોશીના પોસ્ટેના માર્કાનુ લાખ વડે પાકુ શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. સદરી આરોપી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયાનાઓની અંગજડતી કરતા બંદુક સીવાય બીજી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી. જે અંગેનુ વિગતવારનુ પંચનામુ પો.સ.ઈ.શ્રી રૂબરુ કરી લીધેલ. સદરી આરોપી વિરૂધ્ધ વગર લાયસન્સની ગે.કા રીતે દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ વાળી બંદુકુ મળી આવેલ હોઈ અમોએ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧બી) એ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબની કાયદેસર થવા ફરીયાદ આપેલ. મને આજરોજ અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેને રજુ દાખલ આંક– P1/PW1 આપવામા આવે છે.

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૫ થી પંચ સાહેદ કાસમભાઈ બાબુભાઈ મેમણને તથા આંક–૬ થી પંચ સાહેદ લાલાભાઈ હોમીરાભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે અમોને એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલી. સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહિતી નથી. પંચનામુ બતાવવામાં આવતાં પોતાની સહી ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–P1/PW2 આપવામાં આવે છે. જે સહી પોશીના પો. સ્ટેશન ખાતે કરેલ.

આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોઈ, વિ. એ.પી.પી.શ્રીની વિનંતીથી પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલા છે.

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૭ થી સાહેદ અમીતકુમાર સાવનભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ અમો તથા પો.સ.ઈ શ્રી આર.જે.ચૌહાણ સાહેબ તથા અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે આંજણી ઓ.પી.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈને તેઓના ખાનગી બાતમીદાર દ્રારા બાતમી હકીકત મળેલ કે કાલીકાકર ખાદરાફળામાં રહેતા લાલાભાઈ ધર્માભાઈ ગમારના ઘરે રાજસ્થાન કુકાવાવ ગામેથી તેમના બનેવી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.કુકાવાસ(બીલીનાડુ ફળો), તા.કોટડા છાવણી, જી.ઉદેપુરવાળો વગર લાયસન્સની ગેરકાયદેસર હથીયાર કુલ્લીદાર દેશી બનાવટની બંદુક લઈને આવેલ છે અને હાલ તેઓના ઘરે હાજર છે તેવી હકીકત મળતા પો.સ.ઈ તથા સ્ટાફના માણસોને હકીકતથી વાકેફ કરી નજીકમાથી બે પંચના માણસો બોલાવી પંચોને બાતમી કહીકતથી વાકેફ

કરી સદરી પંચો સાથે સરકારી વાહનમાં બેસી કાલીકાકર ગામે ખાદરાફળાના રસ્તા ઉપર પગદંડી વાળા રસ્તા ઉપર વાહન ઉભુ રાખી પગદંડી વાળા રસ્તા ઉપર થઈ બાતમી હકીકતવાળા ઘરે જતા સદર ઘર પુર્વ દિસાના કાચુ નળીયાવાળુ હતુ સદરહું મકાનના આગળના ભાગે ચોપાડમાં એક ઈસમ ગોદડુ પાથરેલ ખાટલામાં બેસેલ હતો તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.પીપાવાસ(બીલીનાડુ ફળુ) તા.કોટડા છાવણી જી.ઉદેપુરનો હોવાનુ જણાવેલ. જે ઈસમ ખાટલા ઉપર બેસ ેલ હતો તેને ઉભો કરી ખાટલા ઉપર પાથરેલ ગોદડુ હટાવી જોતા એક દેશી બનાવટની એક નાળી બંદુક મળી આવેલ જે પોતાના કબજામાં રાખવા અંગનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી સદર બંદુક ગેરકાયદેસરની હોઈ જે બંદુક જોતા જે દેશી બનાવટની કુલ્લીદાર એક બેરલ વાળી બંદુક છે જે બંદુકની કુલ લંબાઈ આશરે ૫૫ ઈંચની જેમા બેરલની લંબાઈ ૪૧ ઈંચ અને બટની લંબાઈ આશરે ૧૪ ઈંચની જણાયેલ જે બંદુકની બોડીના ભાગે લોખંડનો ઘોડો અને સ્ટેગર ગાર્ડમા સ્ટેગર ફીટ કરેલ તેમજ બેરલ તથા બોડીનો ભાગ ફીટ કરવા પીતળનો કલેમ્પ ફીટ કરેલ છે તેમજ બેરલ તથા બોડીના ભાગ વચ્ચે દારૂ ભરવા માટેનો સળીયો લગાડેલ છે. બોડી તથા બટના ભાગે નાઈલોનની કાળી સીલીંગ બાધેલ છે. ઉપરોકત બંદુકની કિંમત રૂા.૨,૦૦૦/- ગણી લઈ એક કાપડની થેલીમા મુકી જેનુ મોઢીયુ શીવી તેની ઉપર પંચોની સહી વાળી કાપલી બાંધી તેની ઉપર પોશીના પોસ્ટેના માર્કાનુ લાખ વડે પાકુ શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. સદરી આરોપી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયાનાઓની અંગજડતી કરતા બંદુક સીવાય બીજી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી. જે અંગેનુ વિગતવારનુ પંચનામુ પો.સ.ઈ.શ્રી રૂબરુ કરી લીધેલ. સદરી આરોપી વિરૂધ્ધ વગર લાયસન્સની ગે.કા રીતે દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ વાળી

બંદુક મળી આવેલ હોઈ અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈએ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧બી) એ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબની કાયદેસર થવા ફરીયાદ આપેલ. ફરીયાદના કામે મારો જવાબ લેવામાં આવેલ.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૮ થી સાહેદ માણેકભાઈ વિઠ્ઠલભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ અમો તથા પો.સ.ઈ આર.જે.ચૌહાણ સાહેબ તથા અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે આં જણી ઓ.પી.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈને તેઓના ખાનગી બાતમીદાર દ્રારા બાતમી હકીકત મળેલ કે કાલીકાકર ખાદરાફળામાં રહેતા લાલાભાઈ ધર્માભાઈ ગમારના ઘરે રાજસ્થાન કુકાવાવ ગામેથી તેમના બનેવી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.કુકાવાસ(બીલીનાડુ ફળો), તા.કોટડા છાવણી, જી.ઉદેપુરવાળો વગર લાયસન્સની ગેરકાયદેસર હથીયાર કુલ્લીદાર દેશી બનાવટની બંદુક લઈને આવેલ છે અને હાલ તેઓના ઘરે હાજર છે તેવી હકીકત મળતા પો.સ.ઈ તથા સ્ટાફના માણસોને હકીકતથી વાકેફ કરી નજીકમાથી બે પંચના માણસો બોલાવી પંચોને બાતમી કહીકતથી વાકેફ કરી સદરી પંચો સાથે સરકારી વાહનમાં બેસી કાલીકાકર ગામે ખાદરાફળાના રસ્તા ઉપર પગદંડી વાળા રસ્તા ઉપર વાહન ઉભુ રાખી પગદંડી વાળા રસ્તા ઉપર થઈ બાતમી હકીકતવાળા ઘરે જતા સદર ઘર પુર્વ દિસાના કાચુ નળીયાવાળુ હતુ સદરહું મકાનના આગળના ભાગે ચોપાડમાં એક ઈસમ ગોદડુ પાથરેલ ખાટલામાં બેસેલ હતો તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયા રહે.પીપાવાસ(બીલીનાડુ ફળુ) તા.કોટડા છાવણી, જી.ઉદેપુરનો હોવાનુ જણાવેલ. જે ઈસમ ખાટલા ઉપર

બેસેલ હતો તેને ઉભો કરી ખાટલા ઉપર પાથરેલ ગોદડુ હટાવી જોતા એક દેશી બનાવટની એક નાળી બંદુક મળી આવેલ જે પોતાના કબજામાં રાખવા અંગનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી સદર બંદુક ગેરકાયદેસરની હોઈ જે બંદુક જોતા જે દેશી બનાવટની કુલ્લીદાર એક બેરલ વાળી બંદુક છે જે બંદુકની કુલ લંબાઈ આશરે ૫૫ ઈંચની જેમા બેરલની લંબાઈ ૪૧ ઈંચ અને બટની લંબાઈ આશરે ૧૪ ઈંચની જણાયેલ જે બંદુકની બોડીના ભાગે લોખંડનો ઘોડો અને સ્ટેગર ગાર્ડમા સ્ટેગર ફીટ કરેલ તેમજ બેરલ તથા બોડીનો ભાગ ફીટ કરવા પીતળનો કલેમ્પ ફીટ કરેલ છે તેમજ બેરલ તથા બોડીના ભાગ વચ્ચે દારૂ ભરવા માટેનો સળીયો લગાડેલ છે. બોડી તથા બટના ભાગે નાઈલોનની કાળી સીલીંગ બાધેલ છે. ઉપરોકત બંદુકની કિંમત રૂ.૨,૦૦૦/– ગણી લઈ એક કાપડની થેલીમા મુકી જેનુ મોઢીયુ શીવી તેની ઉપર પંચોની સહી વાળી કાપલી બાંધી તેની ઉપર પોશીના પોસ્ટેના માર્કાનુ લાખ વડે પાકુ શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. સદરી આરોપી સુરેશભાઈ અરજણભાઈ બુંબડીયાનાઓની અંગજડતી કરતા બંદુક સીવાય બીજી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી. જે અંગેનુ વિગતવારનુ પંચનામુ પો.સ.ઈ.શ્રી રૂબરુ કરી લીધેલ. સદરી આરોપી વિરૂધ્ધ વગર લાયસન્સની ગે.કા રીતે દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ વાળી બંદુક મળી આવેલ હોઈ અ.હે.કો ધર્માભાઈ દીતાભાઈએ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧બી) એ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબની કાયદેસર થવા ફરીયાદ આપેલ. ફરીયાદના કામે મારો જવાબ લેવામાં આવેલ.

**(૧૩)** ફરીયાદપક્ષ તરફે આંક–૯ થી ત.ક.અમલદાર રવિન્દ્રસિંહ જગતસિંહ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ અમો પોશીના

પો.સ્ટે ખાતે પો.સ.ઇ તરીકે ફરજ પર હતા તે દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે અમો તથા અ.હે.કો ધર્માભાઇ દીતાભાઇ બ.નં.૩૦૨ બીજા સ્ટાફના માણસો સાથે કાલીકાંકર (ખાદરા ફળો) ખાતે રહે. લાલાભાઇ ધર્માભાઇ ગમારનાઓના ઘરે તેઓના જમાઇ સુરેશભાઇ અરજણભાઇ બુંબડીયા રહે. કુકાવાસ (બીલુનાડુ ફળુ) તા.કોટડા છાવણી જી.ઉદેપુરનાનો વગર લાઇસન્સે ગે.કા.રીતે દેશી બનાવટની કુલ્લીદાર બંદુક(અગ્નીશાત્ર) નાનો લઇને આવેલ માહીતી આધારે પંચો સાથે રેડ કરી પકડી પાડી કાયદેસની કાર્યવાહી કરેલ અને પોશીના પો.સ્ટે પી.એસ.ઓ સળુજી થાવરાજીનાઓએ ગુન્હો રજીસ્ટર કરી સુચિપત્રથી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ જે અસલ સુચિપત્ર રજુ કરુ છુ. તેમાં પો.સ.ઇ પોશીના પો.સ્ટે તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–P1/PW6 આપવામાં આવે છે. ત્યાર બાદ તપાસ સંભાળી સૌપ્રથમ મુદ્દામાલ હથીયાર કુલ્લીદાર દેશી બનાવટની બંદુક કબજે કર્યા અંગેનું પંચનામુ બે સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબનું લખી લઇ તેમાં પંચોની સહીઓ કરાવેલ અને રૂબરુમાં અમોએ સહી કરેલ તથા સદર કામે લાગતા વળગતા સાહેદોના તેમના લખાવ્યા મુજબના નિવેદન લખી લેવામાં આવેલ. ત્યાર બાદ મુદ્દામાલ એફ.એસ.એલ તપાસણી સારૂ મોકલી આપેલ. આરોપી વિરુધ્ધ સદર ગુન્હાના કામે મે.કલેકટર અને જીલ્લા મેજી.સાહેબશ્રી સમક્ષ ચાર્ઝશીટ કરવા સારૂ પરવાનગી માંગી ચાર્ઝશીટ કરવા માટે મંજુરી હુકમ મેળવેલ તથા સદર મુદ્દામાલ એફ.એસ.એલ તપાસણી થઇ તેનો પરીક્ષણ રીપોટ આવતા તપાસના કાગળોમાં સામેલ રાખેલ. તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઇ નામ.કોર્ટમાં ચાર્ઝશીટ કરેલ. આરોપી આજ રોજ નામ.કોર્ટમાં હાજર નથી. જો હાજર હોય તો જોયેથી ઓળખી સકુ. આજ રોજ અસલ ચાર્ઝશીટ મંજુરી હુકમ રજુ કરુ છુ. જેમાં કલેકટર અને જીલ્લા મેજી.સાહેબશ્રી તરીકે સી.જે.પટેલ સાહેબનાઓની સહી છે. જે સહી હું ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક–P2/PW6 આપવામાં આવે છે. આજ રોજ હું અસલ એફ.એસ.એલ પરીક્ષણ રીપોટ રજુ કરુ છુ. જેમાં આસીસ્ટન્ટ ડારેકટર ઓફ

એફ.એસ.એલ. ગાંધીનગરનાઓ તરીકે ડી.જી.શાહ સાહેબશ્રીનાઓની સહી છે. જેને રજુ દાખલ આંક–P3/PW6 આપવામાં આવે છે.

**(૧૪)** આમ, સમગ્ર કેસનું રેકર્ડ અને ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તથા વિ.એ.પી.પી.શ્રીની દલીલો અને આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોઈએ તો આ કામે તપાસવામા આવેલા તમામ પોલીસ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેઓના પુરાવાની હકીકતે આ કામના આરોપીના કબજામાંથી દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ બંદુક મળી આવેલાનું જણાઈ આવે છે અને તે પંચનામાની વિગતે કબજે કરવામા આવેલ છે તેવું તેમના પુરાવાથી ફલીત થાય છે. આ તમામ પોલીસ સાહેદોના પુરાવાની હકીકતે સદરહુ મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરવામા આવેલ છે તેવું તેઓ જણાવે છે. માત્ર ને માત્ર પોલીસ કર્મચારી કે અધિકારીઓ જયારે સમર્થનકારી પુરાવો આપતા હોય અને બનાવવાળી જગ્યાએથી પબ્લીકના તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોના આ કામે નિવેદનો લેવામા આવેલા ન હોય અને તેઓને આ કામે જયારે સાહેદ તરીકે તપાસવામા આવેલા ન હોય, ત્યારે માત્ર પોલીસ કર્મચારીઓ કે જે રેડમા હાજર હોવાથી તેમની રેડ સફળ જાય તેવા હીતવાળા સાહેદોના પુરાવાના આધારે આરોપીઓને સજા કરી શકાય નહી અને આ હકીકત સંદર્ભે **૧૯૯૪, ક્રિમી. લો જનરલ પાના નં. ૧૯ (નામ. સુપ્રિમકોર્ટ) નો સન્સપાલસીંગ વિ. સ્ટેટ ઓફ દિલ્હીનો ચુકાદો** વંચાણે લેવામા આવે તો આ ચુકાદામા નામદાર સુપ્રીમકોર્ટે એવું ઠરાવેલ છે કે, એકલા પોલીસ સાહેદોના પુરાવાથી રીકવરી માની શકાય નહી અને બનાવવાળી જગ્યાએ પબ્લીકના સાહેદો મળી શકે તેમ હોવા છતાં પોલીસ

ે રીકવરીમા સામેલ કરેલા નહી. જેથી ઠરાવેલ છે કે, ફકત પોલીસ ઓફીસરની તથા પોલીસના માણસોની જુબાની ઉપરથી સજા કરી શકાય નહી.

હાલના કેસમા પણ માત્ર ને માત્ર પોલીસ ખાતાના માણસોના જ જવાબો લેવામા આવેલા છે અને તટસ્થ સાહેદોના કોઈ નિવેદનો લેવામા આવેલા નથી કે તેઓને આ કામે તપાસવામા આવેલા નથી. જેથી તટસ્થ સાહેદો મળી રહે તેમ હોવા છતા તેમના જવાબો લેવામા આવેલ ન હોય અને તેવો સ્વતંત્ર પુરાવો જયારે રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે રેડમા સાથે માત્ર પોલીસ કર્મચારીઓના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને વિરૂધ્ધનો કેસ સાબીત માની સકાય નહી. વધુમાં આ કામે પંચો પણ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને તેઓએ તેમની ઉલટતપાસમાં માત્ર સહી કરેલાનું સ્વીકારેલ છે. ત્યારે આરોપી પાસે મુદ્દામાલ હથીયાર મળી આવેલાની હકીકત પણ સાબીત થઈ શકતી નથી અને જયારે મુદ્દામાલ હથીયાર આરોપી પાસેથી મળી આવેલાની હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહે ત્યારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી.

**(૧૫)** આમ, આ કામે બનાવવાળી જગ્યાએ તટસ્થ સાહેદો મળી આવે તેવી પુરેપુરી શકયતા હોવા છતાં ફરીયાદપક્ષ ધ્વારા તેવા કોઈ તટસ્થ સાહેદોને તપાસેલા નથી. વધુમાં મુદ્દામાલ રીકવર કર્યા પછી તેનો એફ.એસ.એલ.મા ચકાસણી અર્થે મોકલેલ ત્યાં સુધી તે મુદ્દામાલ કોની કસ્ટડીમા રહેલ તે બાબતે પણ ફરીયાદપક્ષ ધ્વારા કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આ કામે મે. જીલ્લા મેજી. સાહેબનું જાહેરનામું અમલમાં હોવા છતાં હથિયાર બંધી અંગેનું જાહેરનામું આ કામે રજુ કરેલ નથી. ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત તથા તારણ ધ્યાને લેતાં હાલના કેસમાં પોલીસ સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. પંચ સાહેદો

હોસ્ટાઈલ થયેલ હોઈ, ફરીયાદપક્ષના કેસ ને સમર્થન કરતા ન હોઈ, રીકવરી પંચનામાના દસ્તાવેજી પુરાવાને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. જેથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ નથી. ત.ક.અમલદારે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ તટસ્થ સાહેદોનાં નિવેદનો નોંધેલ નથી. મુદ્દામાલ બંદુક મળી આવેલ તે ઘરની માલિકી બાબતેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આ સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપી પાસેથી મુદ્દામાલ હથિયાર મળી આવેલ હોય તેવું શંકા રહિત સાબિત થતું નથી.

આ ઉપરાંત ધી આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબની જે આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે –

**SECTION 39**. Previous sanction of the district magistrate necessary in certain cases.—**No prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the district magistrate.**

ધી આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબની આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેતા તે અંગે પણ યોગ્ય રીતે પાલન થયેલ નથી અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી લેતી વખતે મુદ્દામાલ હથિયાર તેમની સમક્ષ ત.ક.અમલદારે રજુ કરેલાનુ કે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીએ ચકાસણી કરેલ હોવાનુ પુરાવાથી સાબીત થતુ નથી, તેમજ આ કામે મંજુરી આપનાર અથોરીટીને તપાસવામા આવેલ નથી જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. જે અંગે બચાવપક્ષનાં વિ.વકિલશ્રીએ આરોપી તરફે રજુ થયેલ ૨૦૦૪(૨) ક્રાઈમ્સ ૬૦૯ મધ્યપ્રદેશ હાઈકોર્ટનાં માનનીય અશોકકુમાર તિવારી જસ્ટીસશ્રીના – **બાપુ વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ** નાં **ક્રિમીનલ અપીલ નં.૧૩૬૦/ ૨૦૦૦** નો ચુકાદો રજુ કરેલ છે જેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત માનસહ વંચાણે લઈએ તો તેમાં Arms Act,1954 - Section 25(1)(a) - Recovery of Country pistol and cartridges from possession of accused – Conviction – Appeal - No

evidence that seized pistol was sealed on spot or where and how seized fire-arm was kept after seizure - No evidence of pistol was produced at the time of obtaining sanction - In absence of such proof sanction could not be said to be a valid one - Conviction could not be sustained. (ii) Arms Act, 1954 - Section 39 - Prosecution for possession of fir-arm - sanction for prosecution - In absence of proof that firearm was produced at the time of obtaining sanction and District Magistrate had seen it before granting sanction. Sanction could not be said to be valid sanction. જે વંચાણે લેતા આ કામનાં આરોપી તરફે મદદરૂપ થાય છે.

નામ. મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા– **RATAN SINGH S/O CHANDARSINGH RAJPUT V/S THE STATE OF M.P. THROUGH POLICE STATION – INGORIYA, DISTRICT- UJJAIN (MADHYA PRADESH) - CRIMINAL APPEAL No. 1059 of 1999** ના કામે પેરા–**૧૬** પ્રસ્થાપીત કર્યા મુજબ

“16. So far as the question of grant of sanction is concerned, counsel for appellant placed reliance upon judgment of this Court in the case of Sukhlal Banshi Lodhi Vs. State of MP reported in 1998(1) MPLJ 288 wherein this court has held as under:-“Section 39 of the Arms Act provides that previous sanction of the District Magistrate is necessary for the prosecution against any person in respect of any offence under Section 3. Section 3 provides for license for acquisition and possession of firearms and ammunition. Thus, unless there is a previous sanction of the District Magistrate a person cannot be prosecuted in respect of any offence under section 3. Sanction is not a mere formality. It has to be proved that it was granted by the authority after applying his mind. It must be shown that the firearm or weapon with respect to which sanction was prayed was actually taken to the authority concerned and after looking to it the relevant papers, understanding and after applying his mind sanction was granted”.”

આ કામે રીકવરી પંચ સાહેદોના પુરાવાથી પંચનામું પુરવાર થતુ નથી. આ કામે અન્ય કોઈ તટસ્થ સાહેદોને તપાસવામા આવેલા નથી. વધુમાં આ કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો ત.ક.અ.શ્રીએ લીધેલા નથી કે તેમને સાહેદ તરીકે દર્શાવેલા નથી. જેથી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે મળવા પાત્ર પુરાવો ઉપલબ્ધ હોય અને તે ન લેવામા આવે તો તે પુરાવાનું વિરુધ્ધમા જ અનુમાન કરવાનું રહે છે.

**(૧૬)** આ કામે મુદ્દામાલ આંક–P1/PW2 થી રજુ પંચનામા મુજબ કબ્જે કરવામા આવેલ છે અને ત.ક.અમલદારશ્રીએ એફ.એસ.એલ. કચેરીમાં સદર મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલી આપેલાનું જણાઈ આવે છે. મુદ્દામાલ બંદુક મળી આવેલ તે ઘરની માલિકી બાબતેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. મુદ્દામાલ એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યા પહેલા કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાઈ આવે છે. સદર કામે એફ.એસ.એલ. રીપોર્ટ આંક–P3/PW6 થી રજુ કરેલ છે. જે એફ.એસ.એલ. રીપોર્ટ પો.સ.ઈ. પોશીના નાઓને તા.૭/૧/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે. જે એફ.એસ.એલ. રીપોર્ટ નામ. કોર્ટમાં ત.ક.અમલદારે પોતાની જુબાની દરમ્યાન તા.૭/૪/૨૦૨૬ ના રોજ રજુ કરેલ છે. જેથી આ મુદ્દામાલ આટલા સમય સુધી કોની પાસે કોના કબ્જામાં રહયો અને કેવી સ્થિતિમાં હતો તે બાબતેનો કોઈ ખુલાસો આ કામે કરેલ નથી. જેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ જ એફ.એસ.એલ.મા ગયેલ છે કે કેમ ? તે બાબતે શંકા ઉભી થાય છે. જેનો લાભ આરોપીને મળવા પાત્ર છે.

નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા –Kailash Gour Vs. State of Assam 2012 (1) LRC 81 (SC) દ્વારા ના ચુકાદામા પેરા નં. ૨૮ મા એવુ પ્રસ્થાપીત કરેલ છે કે: -

“28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is

proved to be guilty. It is equally well ettled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of Narendra Singh and Anr. v. State of M.P. (2004)10SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama Sraghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૭) આમ હાલના કામે રજુ થયેલ પુરાવા તથા નામ.સર્વોચ્ચ અદાલતમાં ઉપરોકત ચુકાદાને માનસહ વંચાણે લેતા, હાલના કામે ફરીયાદપક્ષ તરફે રીકવરી પંચનામાના પંચ સાહેદો સોંગદ ઉપર તપાસતા તેઓ મુદામાલ રીકવરી પંચનમાની હકીકતને સમર્થન કરેલ નથી અને તે સિવાયના તમામ સાહેદો પોલીસ સાહેદો છે. જેથી હાલના કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પોલીસ સાહેદોના પુરાવાને ચીવટપૂર્વક સાવચેતીથી મુલવવા પડે અને ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા માટે તપાસેલ સ્વતંત્ર સાહેદોથી પોલીસ સાહેદોને સમર્થન મળવું જોઈએ. પરંતુ, હાલના કામે સ્વતંત્ર પંચો હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ તેમજ ફરીયાદપક્ષે શકયતા હોવા છતા સ્વતંત્ર સાહેદ મેળવેલ નથી અને તપાસેલ નથી. વધુમાં, હાલના કામે મહત્વનો પુરાવો તે પંચોની રુબરુ પં ચનામું કરી આરોપી પાસેથી આક્ષેપયુકત મુદ્દામાલ કબ્જે કરેલ તે છે પરં તુ સદરહું પંચનામાના પંચો તેઓના મૌખિક પુરાવામા પંચનામાને સમર્થન ન આપતા હોઈ, રીકવરી પંચનામાના દસ્તાવેજી પુરાવાને સમર્થન ન મળતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. જેથી, આરોપી વિરુધ્ધના

આક્ષેપયુકત ગુના સંદર્ભે શંકા ઉદ્દ્ભવે છે અને તેવી શંકા દુર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે. પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ હાલના કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી અને તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ શકય હોવા છતા તપાસેલ નથી તે સંજોગોમાં ઉત્પન્ન થતી શંકાનો લાભ પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપીને મળે જેથી એક માત્ર પોલીસ સાહેદોના પુરાવાઓ ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને મુનાસીબ જણાતુ નથી. આમ, આરોપીએ દેશી બનાવટની કુલ્લીદાર સીંગલ બેરલ બંદુક ધારણ કરેલ હોવાનુ પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને શંકાનો લાભ મળવો જોઈએ તેમ મારુ માનવું છે.

ફોજદારી કાર્યવાહીનો પ્રશ્ન છે ત્યાં સુધી ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. વધુમાં જયારે આ કામે તમામ સાહેદો પોલીસના સાહેદો છે. ત્યારે ફરીયાદપક્ષની વિશેષ ફરજ બનતી હતી કે તેઓ સચોટ અને સહેજ પણ શંકા ઉપસ્થિત થાય નહી તેવો પુરાવો રજુ કરે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ જયારે કોર્ટ સમક્ષ બે શકયતાઓ હોય, ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી **સુરેશભાઈ અરજણભાઈ બુબડીયા,** રહે.કુકાવાસ (બીલીનાડે ફળો), તા.કોટડા છાવણી, જી.ઉદેપુર (રાજસ્થાન) નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩(૬) અન્વયે ધી આર્મ્સ

એકટ,૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી) એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનો મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ ક્રિમીનીલ મેન્યુઅલના પેરા–૨૩૪ મુજબ રાજય પોલીસ મ્યુઝીયમ, અમદાવાદનાઓને પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા મારફતે મોકલી આપી એ રીતે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ તા.**૦૮** મી, માહે, **એપ્રિલ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.**૦૮/૦૪/૨૦૨૬
**સ્થળ :** પોશીના

**(હરસિધ્ધકુમાર કે. સન્યાલ)**
જયુડી. મેજી. ફ.ક., પોશીના.
જજ કોડ નં.જીજે૦૧૪૬૬

//A.B.K.//